ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

તારીખ : 25 MAR 2021

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/ 1071

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૨૩/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ,**
**પ્લોટ નં–૩૩૧, નૂતનનગર,**
**વિકાસ કોલોની સામે,**
**બાહુબલી એપાર્ટમેન્ટ ની બાજુમાં,**
**મહુવા,જી.ભાવનગર.**

ના.પ.

**વિષય : ખોટા બિલો મળવા અને રજૂઆતનો જવાબ ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૦/૦૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૩૭૦ તા.૨૦/૦૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૨૭૮૨ તા.૧૭/૦૮/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૩૨૬૮ તા.૧૯/૦૯/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૫૩ તા.૦૫/૦૧/૨૦૨૧.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૭૧૩ તા.૨૫/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
.......*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર** પેટા વિભાગીય કચેરી, **મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૨૩/૧૯–૨૦ ☜

વાદી :– **શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૩/૨૦૨૧ ◈

હાજર રહયા :– **શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ, મું.મહુવા, જી.ભાવનગર ની ખોટા બિલો મળવા અને રજૂઆતનો જવાબ ન મળવ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમ ક્રમાંક : ૧૨૩/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં બીઝેડ/ફોરમ/૧૨૩/૧૯–૨૦/૩૭૦ તા.૨૦/૦૧/૨૦૨૦ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૮/૨૦૨૦ તા.૩૦/૦૯/૨૦૨૦, તા.૧૮/૦૧/૨૦૨૧ તથા તા.૧૦/૦૩/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં **તા.૨૭/૦૮/૨૦૨૦, તા.૧૦/૦૩/૨૦૨૧** ના રોજ વાદી શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ પોતે હાજર રહેલ તથ પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ, પ્લોટ નં–૩૩૧, નૂતનનગર, વિકાસ કોલોની સામે, બાહુબલી એપાર્ટમેન્ટ ની બાજુમાં, મહુવા રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમો મહુવા શહેર પેટા વિભાગીય કચેરી માં ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવીએ છીએ. અમારો વિજ બિલ નં ગ્રાહક નં–૩૭૧૦૩/૦૭૬૬૩/૪ છે.

૧.૩ અમો જીઈબી ના ગ્રાહક છીએ અને ગ્રાહકને સંતોષ થાય તેમ જીઈબીએ કરી આપવું જોઈએ છતાં પણ અમોને છેલ્લ ૩ વર્ષ માં પૂરતો સંતોષ આપેલ નથી અને કોઈ અરજી ના જવાબ આપેલ નથી અને પોતાની મનમાની ચલાવે છ ઓફીસ ના ધકકા ખાઈને અમોને ખૂબ હેરાન પરેશાન થયા છીએ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ અમોની અરજી ના જવાબ મળેલ નહી અને રીફંડ મળેલ ના હોવાથી અમારે સોલાર પ્લાન્ટ નાંખવો પડેલ છે. જેથી જીઈબીના ધકકા ખાવા ના પડે અને એમાં વર્ષ દરમ્યાન જમા રહે તેવી જ આગળની એવરેજ કાઢીને ૮.૨૫ કિલો વોટ નો ૨૫ પ્લેટ નો પ્લાન્ટ બેસાડી અને જીઈબી ની મંજૂરી થી લગાવેલ આ સાથે તમામ અરજીઓ તથા બિલોની કોપી સામેલ છે.

૧.૫ મીટર બદલી લઈ ગયેલ મીટર ખોલવા અંગે ભાવનગર ખોલવા જણાવેલ. પરંતુ, આજદિન સુધી ખોલાવેલ નથી. જેથી તપાસ કરાવતા મહુવા ખોલાવા જણાવેલ. જેથી, અમો રૂબરૂ જઈ ઉપરોકત વાત થયા મુજબ ભાવનગર જ ખોલાવેલ.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદાર નું નામ – શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ

૨.૨ ગ્રાહક નં– ૩૭૧૦૩/૦૭૬૬૩/૪

૨.૩ કેટેગરી – RGPU, 6.5 HP

૨.૪ રીલીઝ તારીખ – ૦૭/૦૭/૨૦૧૪

૨.૫ સદર વાદીનું વિજ કનેકશન તા.૦૭/૦૭/૨૦૧૪ ના રોજ રીલીઝ કરેલ છે.(મીટર નં–PG ૪૬૬૧૯૭) વાદીના વિજ મીટર ની કન્ઝમ્પશન રીપોર્ટ વર્ષ વાઈઝ આ સાથે સામેલ છે.

૨.૬ ત્યારબાદ, વાદીનું સદર ઘર વપરાશનું વિજ મીટર ફોલ્ટી હોય પ્રફોર્મા–૧૫ નં–૩૧૭૯૫ તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ બદલાવેલ અને વિજ મીટર PG-517289 લગાડેલ.

૨.૭ સદર વિજ મીટર ની (મીટર નં–PG ૪૬૬૧૯૭) તા.૨૦/૧૦/૨૦૧૫ ના રોજ ચકાસણી કરતા લેબ રીપોર્ટ નં–૭૪૦૫ તા.૨૦/૧૦/૨૦૧૫ મુજબ મીટર ડીફેકટીવ માલૂમ પડેલ છે.

૨.૮ વાદીના ત્યાં સોલાર વિજ કનેકશન તા.૨૦/૪/૨૦૧૯ ના રોજ લગાવેલ છે.( મીટર નં–PGBTP-003122 સોલાર મીટર લગાવ્યા બાદ ની કન્ઝમ્પશન હીસ્ટ્રી આ સાથે સામેલ છે. વાદીનું સોલાર મીટર લગાવતા જુના વિજ મીટર જેનો મીટર નં–PG-517289 જે ઉતારી તેનું મહુવા લેબમાં તા.૯/૬/૨૦૧૯ ના રોજ લેબ પરીક્ષણ કરતા લેબ રીપોર્ટ મુજબ મીટર બરોબર (OK) માલૂમ પડેલ છે. પ્રફોર્મા–૧૫ અને લેબ પરીક્ષણ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૯ વાદીની તા.૧૮/૧૧/૨૦૧૯ ની ફરીયાદ માં જણાવેલ છે કે, રાત્રી દરમિયાન સોલાર ની સ્વીચ ચાલુ રાખીએ તો ૫૭ થી ૫૮ યુનિટ નું કન્ઝમ્પશન આવે છે તથા વાદી દ્વારા રાત્રિ દરમિયાન સોલાર ની સ્વીચ બંધ રખાવી અને ત્રણ દિવસ રીડીગ લેતા જે અનુક્રમે ૨૨,૨૧ અને ૨૩ યુનિટ નું કન્ઝમ્પશન આવેલ છે. જે બતાવે છે કે ગ્રાહકના લોડ સાઈડમાં કોઈ ખામી હોઈ શકે.

૨.૧૦ મહુવા ટાઉન સબ ડિવિઝન દ્વારા સદર વાદીનું મીટર સોલાર (જનરેશન મીટર) (મીટર નં–PG-956245) તા.૨/૧૨/૨૦૧૯ ના રોજ બદલાવેલ છે. જેનું લેબ પરીક્ષણ ગ્રાહકની હાજરીમાં તા.૩/૧૨/૨૦૧૯ ના રોજ કરેલ છે. સદર મીટર નું લેબ પરીક્ષણ કરતા બરાબર (OK) માલૂમ પડેલ છે. પ્રફોર્મા – ૧૫ અને લેબ પરીક્ષણ ની કોપી આ સાથે સામેલ છે.

૨.૧૧ ત્યારબાદ, વાદીનું સોલાર બાય ડાયરેકશનલ મીટર(મીટર નં–PGBTP-003122) તા.૪/૧૨/૨૦૧૯ ના બદલાવી ગ્રાહકની હાજરીમાં પેપર પેક કરેલ છે. જેની પ્રફોર્મા–૧૫ ની કોપી સામેલ છે.

૨.૧૨ સદર મીટર ના લેબ પરીક્ષણ બાબતે પીજીવીસીએલ મહુવા ડિવિઝન ની લેબ ખાતે તા.૨૪/૧૨/૨૦૧૯ તથ તા.૩૧/૧૨/૨૦૧૯ ના રોજ હાજર રહેવા ગ્રાહકને ટેલીફોનીક જાણ કરેલ. પરંતુ, ગ્રાહક કામમાં વ્યસ્ત હો હાજર રહેલ નહી.

૨.૧૩ મહુવા ટાઉન સબ ડિવિઝન ઓફીસ દ્વારા તા.૨/૧/૨૦૨૦ ના રોજ લેખિત નોટીસ આપી ગ્રાહક ને તા.૭/૧/૨૦૨૦ ના રોજ પીજીવીસીએલ મહુવા ડિવિઝન ઓફીસ ની લેબ ખાતે મીટર ના લેબ પરીક્ષણ મા હાજર રહેવા જણાવેલ.

૨.૧૪ ગ્રાહક તા.૭/૧/૨૦૨૦ ના રોજ પીજીવીસીએલ મહુવા ડિવિઝનની લેબ ખાતે હાજર રહેલ અને જણાવેલ કે મારે અત્રેની લેબોરેટરીમાં મીટર ઈન્સપેકશન કરાવવું નથી મારે ભાવનગર લેબોરેટરીમાં પરીક્ષણ કરાવવું છ તેવું જણાવેલ અને મીટર નું લેબ પરીક્ષણ કરાવેલ નહી અને જતા રહેલ.

૨.૧૫ ગ્રાહક ને ત્યારબાદ, તા.૧૭/૧/૨૦૨૦ ના રોજ નોટીસ આપીને પીજીવીસીએલ મહુવા ડિવિઝન ની લેબ ખા તા.૨૮/૧/૨૦૨૦ ના રોજ બાયફરકેશનલ મીટર ના લેબ પરીક્ષણ માટે સવારે ૧૦–૦૦ કલાકે હાજર રહેવ જણાવેલ છે.

૨.૧૬ ગ્રાહક દ્વારા સદર નોટીસ નો તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ લેખિત રજૂઆત કરી ડિવિઝનલ લેબોરેટરીમાં મીટ ઈન્સપેકશન કરવા બાબતે વિરોધ કરેલ છે.

૨.૧૭ મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૮/૧/૨૦૨૦ ના રોજ થર્ડ પાર્ટી લેબોરેટરીમાં ઈન્સપેકશન કરાવવા બાબતે વાદીને જાણ કરેલ છે.

૨.૧૮ મહુવા ડિવિઝન કચેરી દ્વારા સપ્લાય કોડ નં–૪/૨૦૧૫ ના સેકશન ૬ ના કલોઝ નં–૬.૩૦ અને ૬.૩૭ મુજબ થર્ડ પાર્ટી મીટર ટેસ્ટીંગ માટે ERDA લેબ, બરોડા ને તા.૫/૩/૨૦૨૦ ના રોજ પત્ર લખેલ છે.

૨.૧૯ વાદીનું સોલાર બાય ડાયરેકશનલ મીટર (મીટર નં–PGBTP-003122) ERDA લેબ, બરોડા ખા તા.૨૯/૧૨/૨૦૨૦ વાદીની હાજરીમાં મીટરની ચકાસણી કરેલ છે અને સદર મીટર બરાબર હોય અને જેન ERDA લેબોરેટરી, બરોડા દ્વારા આપવામાં આવેલ ટેસ્ટ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૨૦ આમ, સદર લેબ રીપોર્ટ મુજબ બરાબર છે જેથી વાદીને બાકી વિજ બિલ ના નાણાં ભરપાઈ કરવાના રહેશે.

૨.૨૧ આમ,વાદીને બાકી વિજ બિલ ના નાણાં ભરવા બાબતે મહુવા ટાઉન પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં- એમએચવીટી/ટેક/૨૬ તા.૪/૧/૨૦૨૧ ના રોજ પત્ર લખી જાણ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૨૨ વાદીને ત્યાં વિજ કનેકશન લાગ્યાથી લઈને સોલાર વિજ મીટર ના સહિતના તમામ મીટરોની વિગત આ સા સામેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસ રાઠોડ મહુવા શહેરમાં ઘર વપરાશનું વિજ જોડાણ ગ્રાહક નં- ૩૭૧૦૩/૦૭૬૬૩/૪ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદાર ની ફોરમને રજૂઆત છે કે, તેઓએ 8.5 KW નો સોલાર રૂફ ટોપ પ્લાન્ટ લગાવ્યા બાદ પણ તેઓની વિજ વપરાશમાં ફેર પડેલ નથી. તેમજ તેઓનું બદલાવેલ મીટર થર્ડ પાર્ટી એજન્સી પાસે ટેસ્ટીંગ કરાવવું.

૩.૩ વાદીએ તેની લેખિત રજૂઆત માં કોઈ સ્પષ્ટ રજૂઆત કરેલ નથી તેમજ કોઈ સ્પેસીફીક બિલ અંગે પણ જણાવેલ નથી અને તા.૨૭/૮/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન વાદી ને તેના મીટરને થર્ડ પાર્ટી એજન્સી(ERDA) મ ટેસ્ટીગ કરાવવા માટે જણાવેલ. આથી, ફોરમે ERDA ટેસ્ટીંગ નો રીપોર્ટ આપ્યા બાદ, તા.૧૦/૩/૨૦૨૧ ના રોજ સુનાવણી રાખેલ. તા.૧૮/૧/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમિયાન વાદીની કોઈ સ્પષ્ટ લેખિત કે મૌખિક રજૂઆત નથી.

૩.૪ પ્રતિવાદીએ તા.૧૮/૧/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમિયાન ERDA નો ટેસ્ટીંગ રીપોર્ટ રજૂ કરેલ છે. સોલાર પ્લાન્ટ નું બાય ડાયરેકશનલ મીટર (મીટર નં–PGBTP-003122) નો ERDA રીપોર્ટ રજૂ કરેલ છે તેમજ પ્રતિવાદીએ માર્ચ–એપ્રિલ–૨૦૧૯ થી જાન્યુ–ફેબ્રુ–૨૦૨૧ સુધીનું વાદીના બાય ડાયરેકશનલ મીટર ના ઈમ્પોર્ટ એકસપોર્ટ અને નેટ કન્ઝમ્પશન નું બિલીંગ ડેટા નું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે.

૩.૫ વાદી અરજદાર ને તેના ઘર વપરાશના થ્રી ફેઈઝ વિજ જોડાણમાં રૂફટોપ સોલાર લગાવી તા.૨૦/૪/૨૦૧૯ ના રોજ સોલાર વિજ કનેકશન લીધેલ. પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પર તા.૨૦/૪/૨૦૧૯ ના રોજ બાય ડાયરેકશનલ મીટર નં–PGBTP-003122 લગાડેલ. જે વાદીની ફરીયાદ પરથી તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ વાદીની હાજરીમાં બદલાવી અને પેપરમાં પેક કરેલ. ત્યારબાદ,વાદીએ પીજીવીસીએલ ની લેબમાં મીટર ટેસ્ટીંગ સામે વાંધો લેતા અને થર્ડ પાર્ટી ટેસ્ટીંગ ની માંગ કરતા, વાદીના બાય ડાયરેકશનલ મીટરને તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ ERDA માં ટેસ્ટીંગ કરવામાં આવેલ.

૩.૬ ERDA ના ટેસ્ટીગ રીપોર્ટ ને RP-2021-024481 તા.૩૦/૧૨/૨૦૨૦ ના રીપોર્ટ ની રીમાર્કસ મુજબ, " The above energy meter conforms to the requirements of the standard in respect of the test carried out. "

૩.૭ પ્રતિવાદીએ વાદીનું માર્ચ–એપ્રીલ–૨૦૧૯ થી જાન્યુ–ફેબ્રુ–૨૦૨૧ સુધી નું Import, Export, Net Consumption અને બિલ્ડ એમાઉન્ટ ની વિગત દર્શાવતું રજૂ કરેલ સ્ટેટમેન્ટ નીચે મુજબ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

| Sr. No | Billed Month | Bill Date | Status | Import | | | Export | | | Net Consumption | Billed Amt. | Collection Adjustment | A[illegible] Pendi[illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | Past | Present | Total | Past | Present | Total | Total | | | |
| 1 | Mar-Apr-19 | 12.05.19 | Solar Meter Install | 3 | 0 | 997 | 3 | 0 | 997 | 01367 (Old Meter Consumption) | 10527.04 | 1220.56 | 9852.88 |
| 2 | May-June-19 | 11.07.19 | | 0 | 4608 | 4608 | 0 | 1020 | 1020 | 3588 | 28666 | 9850 | 28668.88 |
| 3 | July-Aug-19 | 11.09.19 | | 4608 | 7338 | 2730 | 1020 | 1468 | 448 | 2282 | 18513.39 | 0 | 47218.7 |
| 4 | Sept-Oct-19 | 16.11.19 | | 7338 | 9766 | 2428 | 1468 | 2255 | 787 | 1641 | 13116.1 | 0 | 60334.8 |
| 5 | Nov-Dec-19 | 03.01.20 | C | 10 | 396 | 386 | 2 | 342 | 340 | 46 | 1332.85 | 1332 | 60335.65 |
| 6 | Jan-Feb-19 | 29.02.20 | | 396 | 1080 | 684 | 342 | 1359 | 1017 | 333 | 614.45 | 0 | 59721.2 |
| 7 | Mar-Apr-20 | 28.04.20 | N (Lock down) | 1080 | 1080 | 0 | 1359 | 1359 | 0 | 0 | 140 | 302.19 | 59559.01 |
| 8 | July-Aug-20 | 04.07.20 | | 1080 | 3111 | 2031 | 1359 | 2253 | 894 | 1137 | 8609.82 | 8622 | 59546.83 |
| 9 | July-Aug-20 | 29.08.20 | | 3111 | 3512 | 401 | 2253 | 3002 | 749 | 348 | 2637.02 (DPC 2497.2/ + Fix Charge 140) | 0 | 61573.45 |
| 10 | Sept-Oct-20 | 29.10.20 | | 3512 | 12287 | 8775 | 3002 | 4257 | 1255 | 7520 | 60867.41 | 0 | 122440.86 |
| 11 | Nov-Dec-20 | 31.12.20 | | 12287 | 13203 | 916 | 4257 | 5153 | 896 | 20 | 272.78 | 1110.63 | 121603.01 |
| 12 | Jan-Feb-21 | 18.02.21 | | 13203 | 13679 | 476 | 5153 | 5943 | 790 | 314 | 199.69 | 0 | 121802.7 |

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

વાદીનું તા.૪/૧૨/૨૦૧૯ ના રોજ બાય ડાયરેકશનલ મીટર નં–003122 બદલાવ્યા પહેલાનું તેમજ બદલાવ્ય બાદનું Import, Export અને Net Consumption જોતાં, તેમાં કોઈ એબ્નોર્મલ ડેટા જણાતો નથી. તેમ Export Consumption સોલાર જનરેશન ને આધારીત હોઈ, તે જનરેશન ના યુનિટ મુજબ નેટ કન્ઝમ્પશન પર પ્રતિવાદી બિલીંગ કરે છે.

૩.૮ વાદીની કોઈ અન્ય રજૂઆત ન હોઈ, અને ERDA ટેસ્ટીગ રીપોર્ટ બરાબર માલૂમ પડેલ હોય, પ્રતિવાદી ર આપેલ વિજ બિલ ની રકમ વાદીએ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવ અનેઉપરના તારણો પરથી તારણ નં. " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૦/૦૩/૨૦૨૧.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.